
# કરૂડા-નાકા તથા કલોલ કંપા પાસેથી દેશી દારૂનો જથ્થો તેમજ વોશ પકડાયો

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના કરૂડા-નાકા તથા કલોલ કંપા ગામ પાસેથી દેશી દારૂ ૨૫૨ લીટર તથા દારૂ ગાળવાનો વોશ અને બે મોટર સાયકલ સાથે રૂ. ૪૯,૬૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા, જ્યારે બે આરોપીઓ પોલીસને થાપ આપી નાશી છૂટ્યા હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર એલ.સી.બી. પી.એસ.આઈ. કે.ડી. બ્રહ્મભટ્ટે શનિવારે સવારે સાડાસાત વાગ્યાના સુમારે નાકા ગામ પાસેથી પસાર થતી મોટરસાયકલ નંબર જીજે-૯-એક્યૂ-૨૧૩ ને અટકાવી તપાસ કરતા મોટરસાયકલ પાછળ બેઠેલી વ્યક્તિ પાસેથી રૂ. ૨૯૪૦ની મોટરસાયકલની કિંમત મળી કુલ રૂ. ૨૨૯૪૦નો મુદ્દામાલ જપ્ત કરી મોટરસાયકલ ચાલક રમણ ધનજી ભગોરા તથા અરવિંદ ભગોરાની ધરપકડ કરી હતી. આ ઉપરાંત રવિવારે કલોલ કંપા પાસે રોડ પરથી પસાર થતી મોટરસાયકલ જીજે-૨-ડીજી-૧૧૪૦ની તપાસ કરતા પાછળ બેઠેલ વ્યક્તિ પાસેથી રૂ. ૨૧૧૦ની કિંમતનો દેશી દારૂ મળી આવ્યો હતો, જ્યારે અન્ય એક ગુનામાં પી.એસ.આઈ. ઈસરાનીએ દામાવાસ ગામની સીમમાં દરોડો પાડતા દારૂ ગાળવાનો રૂ. ૪૭૦૦ની કિંમતનો વોશ મળી આવ્યો હતો. આ કિંમતનો દેશીદારૂ ૧૪૭ લીટર મળી આવ્યો હતો. દેશી દારૂ તથા મામલે પોલીસ તમામ મુદ્દામાલ કબજે કરી વાઘજી ડાભીની ધરપકડ કરી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી વધુ પાંચના મોત : મૃતાંક ૩૮૭

## પહેલી જાન્યુઆરી બાદથી રાજ્યભરમાં સ્વાઈન ફ્લુના કુલ કેસોની સંખ્યા વધી ૬૧૪૮ ઉપર પહોંચી : સાજા થયેલ લોકોની સંખ્યા ૫૨૪૨ પર પહોંચી

અમદાવાદ, તા. ૧૫

સ્વાઈન ફ્લુના કારણે આજે ગુજરાતમાં કુલ ૪૯ કેસો સપાટી પર આવ્યા છે. જેથી કુલ કેસોની સંખ્યા વધીને આજે ૬૧૪૮ઉપર પહોંચી ગઈ હતી. જ્યારે પહેલી જાન્યુઆરી બાદથી કિલર સાબિત થઈ રહેલા સ્વાઈન ફ્લુના કારણે વધુ વધુ પાંચ લોકોના મોત થયા હતા. જેથી મોતનો આંકડો આજે વધીને ૩૮૭ ઉપર પહોંચી ગયો હતો.

બીજી બાજુ સંપૂર્ણ સારવાર લીધા બાદ સાજા થઈ ગયેલા લોકોની સંખ્યા વધીને ૫૨૪૨ ઉપર પહોંચી ગઈ છે. ફરી એકવાર બદલાયેલી સ્થિતિ વચ્ચે સ્વાઈન ફ્લુનો કાળો કેર જારી રહ્યો છે. અસરકારક પગલા લેવામાં આવ્યા બાદ પ્રમાણમાં ઓછા કેસ હવે સપાટી ઉપર આવી રહ્યા છે. જો કે કેસોની સંખ્યા અવિરતપણે નોંધાઈ રહી છે. આજે વધુ ૪૯ કેસો સપાટી ઉપર આવ્યા હતા જેમાં અમદાવાદમાં ૧૨ કેસોનો સમાવેશ થાય છે જ્યારે આજે વધુ ૫ લોકોના મોત થયા હતા. મોતનો આંકડો વધીને હવે ૩૮૭ સુધી પહોંચી ચુક્યો છે જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૬૧૪૮ સુધી પહોંચી છે. સારવાર બાદ સંપૂર્ણ સાજા થઈ ચુકેલા લોકોનો આંકડો ૫૨૪૨ સુધી પહોંચી ગયો છે. નવા કેસો ખુબ ઓછા નોંધાઈ રહ્યા છે. જો કે, મોતનો આંકડો વધી રહ્યો છે. આના માટેનું કારણ એ છે કે, ઘણા લોકો હજુ સારવાર હેઠળ છે અને ઘણા મુશ્કેલ સ્થિતિમાં પણ મુકાયેલા છે.

સ્વાઈન ફ્લુ અંતિમ તબક્કામાં પહોંચી જવાના કારણે પણ મોતનો આંકડો વધી રહ્યો છે. આજે વધુ નવા ૪૯ કેસ સપાટી ઉપર આવ્યા હતા ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સ્વાઈન ફ્લુનો ખતરો ઉભો થઈ ગયો છે. નવા વિસ્તારો પણ સ્વાઈન ફ્લુના સકંજામાં આવી રહ્યા છે. હજુ સુધી કિલર સાબિત થઈ રહેલા સ્વાઈન ફ્લુને રોકવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે ત્યારે તેની અસર દેખાઈ રહી છે. આજે સ્વાઈન ફ્લુના કારણે વધુ પાંચના મોત થયા હતા. જે પૈકી જામનગરમાં બે, સુરેન્દ્રનગર, અરવલ્લી અને કચ્છમાં એકએક વ્યક્તિનુ મોત થયું હતુ. આવી જ રીતે આજે અમદાવાદમાં વધુ ૧૨ કેસ નોંધાયા હતા.વડોદરામાં ૭, અમરેલીમાં છ, જામનગર અને આણંદમાં ચાર ચાર, સાબરકાઠામાં ત્રણ કેસ સપાટ પર આવ્યા હતા. અન્ય ૧૩ કેસો નોંધાયા હતા. સ્વાઈન ફ્લુને રોકવા માટે રાજ્ય સરકારે સ્વાઈન ફ્લુ રોગ સામે ઘનિષ્ઠ અટકાયતી પગલાં લીધા છે. સ્વાઈન ફ્લુના અટકાયતી પગલાં માટે રાજય સરકારે ત્રિસ્તરીય વ્યવસ્થા ગોઠવી છે. સ્વાઈન ફ્લુના અટકાયતી પગલાં સંદર્ભે સરકારે જણાવ્યું છે કે, આ રોગના ત્વરિત અને વિનામુલ્યે નિદાન માટે રાજય સરકાર ઘનિષ્ઠ વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત વિષય નિષ્ણાંત તબીબી, ખાનગી હોસ્પિટલના નિષ્ણાંત ડોકટરો, સુપર સ્પેશિયાલીટી ડોકટરો વગેરે સાથે સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઈ.ઈ.સી. ટ્રીટમેન્ટ ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંતી કરી છે. સ્વાઈન ફ્લુના કારણે હજુ લોકોમાં ભય યથાવત રહ્યો છે. કારણ કે હવામાનમાં સ્થિતી બદલાઈ રહી છે.

# ૧૦૮ સેવાને બિનજરૂરી કોલ પણ કરાય છે : રિપોર્ટ

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં વેકેશનના ગાળા દરમિયાન બાળકો તરફથી બોગસ ફોન ૧૦૮ સર્વિસને વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. આ બાબત હવે સપાટી ઉપર આવી છે. વેકેશન દરમિયાન કોલની સંખ્યામાં વધારો થઈ જાય છે.

ગુજરાતમાં ૧૦૮ ઈમરજન્સી સર્વિસ કોઈપણ કોલને તરત જ ધ્યાનમાં લઈને સક્રિય થઈ જાય છે પરંતુ બાળકો દ્વારા કરવામાં આવતા આ પ્રકારના કોલના કારણે સમય ખરાબ થાય છે સાથે સાથે સર્વિસને પણ અસર થાય છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેની વિગત સપાટી ઉપર આવી છે. ગુજરાતમાં ૧૦૮ સર્વિસને દરરોજ શ્રેણીબદ્ધ બોગસ અને બ્લેન્ક કોલ કરવામાં આવે છે. માત્ર ૩૭ ટકા કોલ જ પ્રમાણિત રહે છે. બે મહિના લાંબા ઉનાળાના વેકેશન દરમિયાન બાળકો દ્વારા કરવામાં આવતા બોગસ કોલની સંખ્યા ઉલ્લેખનીયરીતે વધી જાય છે. આ પ્રકારના બિનઅસરકારક કોલના લીધે ઓપરેટરો માટે મુશ્કેલી સર્જાઈ જાય છે.

હવે ઉનાળા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે સર્વિસ ઓપરેટરો આશરે ૫૫થી ૬૦ ટકા ઈમરજન્સી કોલના વધારાને હાથ ધરવા માટે તૈયાર છે. જો કે આમાથી ૬૩ ટકા કોલ બિનઅસરકારક રહે છે. એમાં કોઈ રિયલ ઈમરજન્સી હોતી નથી. અધિકારીઓ માને છે કે, વર્ષ ૨૦૧૪માં મળેલા ટેલિફોન કોલમાં બિનજરૂરી, બાળકોના કોલ, ન્યુસન્સ અને બોગસ કોલ પણ રહેલા છે. આ પ્રકારના કોલ અમારા રિસોર્સ અને એનર્જીને નુકસાન પહોંચાડે છે. ભૂતકાળમાં કેટલાક નંબર બ્લોક કરાવી દીધા હતા. વારંવાર બોગસ કોલ કરનાર સામે ફરિયાદ પણ કરવામાં આવી હતી પરંતુ જાગૃતિ ઝુંબેશ કામ કરી રહી છે. બિન જરૂરી કોલ ન કરવામાં આવે તે ખુબ જરૂરી છે.



રાજસ્થાની ભવરી સમાજના લોકોએ તેમના અગાઉ મૃત્યુ પામેલા પરિજનોને શ્રદ્ધાંજલિ આપવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બહેનો પણ જોડાઈ હતી.

# અમદાવાદમાં સ્વાઈન ફ્લુ નિયંત્રણમાં

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લુના નવા ૧૨ કેસ સપાટી ઉપર આવ્યા હતા. કેસોની સંખ્યા હવે શહેરમાં ક્રમશ ઘટી રહી છે. સ્વાઈન ફ્લુને રોકવા માટે લેવામાં આવેલા અસરકારક પગલાની અસર હવે નજરે પડી રહી છે પરંતુ સંપૂર્ણપણે કાબૂમાં સ્વાઈન ફ્લુને લેવામાં સફળતા હાથ લાગી નથી. જો કે ધીમે ધીમે સ્થિતી કાબુમાં આવી રહી છે. સ્વાઈન ફ્લુથી આજે કોઈના મોત થયા ન હતા. જેથી મૃતાંક ૮૬ ઉપર યથાવત રહ્યો છે. આજે નવા ૧૨ કેસો નોંધાતા સંખ્યા ૨૫૬૯ ઉપર પહોંચી ગઈ છે. સારવાર લઈ ચુકેલા લોકોની સંખ્યા પણ ખુબ મોટી નોંધાઈ છે. જો કે, કેસોની સંખ્યામાં અમદાવાદમાં પણ ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. જે ખુબ સારા સંકેત આપે છે. હજુ સુધી અમદાવાદમાં કેસોની સંખ્યા સૌથી વધારે અને ઝડપથી નોંધાઈ રહી હતી પરંતુ અસરકારક પગલાની અસર હવે દેખાઈ રહી છે. સ્વાઈન ફ્લુએ આતંક મચાવ્યા બાદ સ્કૂલ, કોલેજો, જાહેર સ્થળો ઉપર વધારે સાવચેતી રાખવામાં આવી રહી છે. ભરચક વિસ્તારોમાં લોકો માસ્ક પહેરીને ફરતા નજરે પડી રહ્યા છે. હજુ પણ વધુ સાવચેતીની જરૂર છે. બોર્ડની પરીક્ષામાં પણ સ્વાઈન ફ્લુને ધ્યાનમાં લઈને નવા પગલા લેવાયા છે. વિદ્યાર્થીઓને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના આજે નવા ૧૨ કેસો સપાટી ઉપર આવ્યા હતા. તંત્ર દ્વારા તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં કેસોની સંખ્યાની સાથે સાથે મોતનો આંકડો પણ વધી રહ્યો છે.

## દેહવિલય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જયપ્રકાશ નારાયણની સંપૂર્ણ ક્રાંતિની સાથે જોડાયેલા રહ્યા હતા. તેઓ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે પણ રહ્યા હતા. ગાંધી મુલ્યોની સંસ્થાઓને નેતૃત્વ આપનાર દેસાઈના અવસાનથી એક મોટી હસ્તી ગુમાવી દીધી છે. કોંગ્રેસ અને ભાજપના તમામ નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી છે. તેમના પુત્ર નચિકેતા દેસાઈએ કહ્યું છે કે, તેમના પિતાનું ઉંઘમાં જ અવસાન થયું હતું. ગાંધી કથાના ગાન માટે પણ તેઓ જાણીતા રહ્યા હતા.ગુજરાત વિદ્યાપીઠમાં તેમની લોકપ્રિયતા જાણીતી રહી હતી.

## ગોડાઉન બનાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અયોગ્ય હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

બીજી તરફ એવી પણ વાતો આવે છે કે અગાઉ આ સિડફાર્મ ખોટનો ધંધો હોવાથી તે જમીનો અગાઉ સરકારને પરત કરવા માટેની વિચારણા માટે રજુ થઈ હતી પરંતુ તે પરત કરવામાં આવી ન હતી. આને લીધે પંચાયતને આર્થિક નુકશાન પણ સહન કરવુ પડતુ હતુ તેથી આ નિર્ણય યોગ્ય હોવાની વાતો પણ ચર્ચાઈ રહી છે.

જો કે આ મુદ્દે તંત્ર સાવ ચૂપકીદી સાધી બેઠુ છે. ગાંધીનગર જિલ્લાની મહામૂલી ઉપજાઉ જમીન જે રીતે સરકારના હુકમને લઈ સોંપી દેવામાં આવી રહી છે તે આગામી દિવસોમાં ઉગ્ર રાજકીય સ્વરૂપ લેશે તેવા સંકેતો મળી રહ્યા છે.

## શબ્દાવલી - ૫૬૭૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | ■ | ૬ | ૭ | | | |
| ૮ | ૯ | ૧૦ | ■ | ૧૧ | | ■ | ■ |
| ■ | ૧૨ | | ૧૩ | ■ | ૧૪ | | ૧૫ |
| ૧૬ | ■ | ૧૭ | | ૧૮ | | ■ | |
| ૧૯ | ૨૦ | | ■ | | ■ | ૨૧ | |
| ૨૨ | | ■ | ૨૩ | | | ■ | |
| ■ | ૨૪ | | | | ■ | ૨૫ | |

### આડી ચાવી

૧. ઇરાદો, ધારણા (૪)
૩. આકાશ, નભ (૩)
૬. જડ જેવું, સજ્જડ (૫)
૮. મંજુરી, હા માં જવાબ (૩)
૧૧. મેવાડની કૃષ્ણભક્ત રાણી (૨)
૧૨. ત્યજાયેલ સ્ત્રી (૩)
૧૪. શીશ, માથુ (૩)
૧૭. બીકણ, ડરપોક (૪)
૧૯. ઉનુ, ઉષ્ણ (૩)
૨૧. ખાદ્ય, ખાજુ (૨)
૨૨. મોજ, આનંદ (૨)
૨૩. તમાકુનો ભુક્કો (૩)
૨૪. અનુમતિ, છુટ્ટી (૪)
૨૫. દૂધ-ભાતની વાનગી (૨)

### ઊભી ચાવી

૧. મનસ્વીપણુ, સ્વચ્છંદી (૩)
૨. ભાર, વજન, બોજો (૨)
૩. ગભરાટ, બાવરાપણુ (૫)
૪. ફળની અંદરનો ગર્ભ (૨)
૫. નમેલુ, નિત્ય (૨)
૭. ખરેખરું નહિં તેવું માણસ, ડુપ્લીકેટ (૨)
૯. કર્મ, કાર્ય (૨)
૧૦. યુક્તિ, પ્રયુક્તિ (૪)
૧૩. વાયર, તંતુ (૨)
૧૫. દેવાદાર (૫)
૧૬. ઉત્પત્તિસ્થાન,... સ્થળ (૩)
૧૮. મુર્હુત ના હોય તેવું (૪)
૨૦. ઓઢવાની ગોદડી (૩)
૨૩. નિર્ણય આપનાર નક્કી કરનાર (૨)

### શબ્દાવલી ૫૬૭૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંજલિ (૩) કવિ (૬) જન (૭) બળપ્રયોગ (૯) નાસપત્તી (૧૦) ગજા (૧૧) ડંખ (૧૩) વિદારવું (૧૫) પાખર (૧૭) દાયજો (૧૮) ખુટલ (૨૦) કમ (૨૧) શૂન્યાવકાશ

**ઊભી ચાવી :-** (૨) અંજના (૨) જનસમુદાય (૩) કળ (૪) વિપ્ર (૫) જગજાહેર (૭) બત્તી (૮) યોગ (૧૨) ખપાટ (૧૩) વિદારક (૧૪) રજોટી (૧૬) ખલ (૧૯) પાશ

## કંપની સમાચાર

### આઈનોક્સ વિન્ડ લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ ૧૮ માર્ચના રોજ ખુલશે

**ઈક્વિટી શેર દીઠ ૩૧૫ થી ૩૨૫નો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરાયો : તમામ રિટેલ રોકાણકારો તથા પાત્રતા ધરાવતા કર્મચારીઓને ઈશ્યુ પ્રાઈસ પર રૂ.૧૫નું ડિસ્કાઉન્ટ**

ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ દ્વારા પ્રમોટ કરાયેલી આઈનોક્સ વિન્ડ લિ. ('કંપની') ૧૮ માર્ચ, ૨૦૧૫ને બુધવારના રોજ રૂ. ૭,૦૦૦ મિલિયન ('ફ્રેસ ઈશ્યૂ'નું પ્રતિનિધિત્વ કરતા ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ તથા ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ ('સેલિંગ શેરહોલ્ડર') ('ઓફર ફોર સેલ') દ્વારા ૧૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ વડે બનેલો ઈક્વિટી શેર દીઠ (શેર પ્રીમિયમ સહિત) ભાવ મુજબ, રોકડમાં શેરદીઠ રૂ. ૧૦ની મૂળકિંમતના ઈક્વિટી શેરનો પબ્લિક ઈશ્યૂનો પ્રારંભ કરશે. ફ્રેશ ઈશ્યૂ તથા ઓફર ફોર સેલને સાગમટે 'ઈશ્યૂ' તરીકે ઉલ્લેખ કરાય છે. આ ઈશ્યૂમાં સ્પર્ધાત્મક ધોરણે (એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન') પાત્રતા ધરાવતા કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે અનામત રખાયેલા ૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. કર્મચારીઓ માટે અનામત રખાયેલા હિસ્સાને બાદ કરવામાં આવતા બાકીનો ઈશ્યૂનો અહીં 'નેટ ઈશ્યૂ' તરીકે ઉલ્લેખ કરાયો છે.

ઈક્વિટી શેર દીઠ રૂ. ૩૧૫ થી રૂ. ૩૨૫ સુધીનો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ બિડ/ઈશ્યૂ ૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ બંધ થાય છે. બિડિંગ માટેનો લઘુત્તમ લોટ ૪૫ ઈક્વિટી શેરનો છે અને ત્યારબાદ તે ૪૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં છે.

ગ્લોબલ કો-ઓર્ડિનેટર્સ તથા બુક રનીંગ લીડ મેનેજર્સ ('જીસી-બીઆરએલએમએસ') તથા બુક રનીંગ લીડ મેનેજર ('બીઆરએલએમ') (એક સાથે 'મેનેજર્સ' તરીકે ઉલ્લેખ કરાયો છે) સાથેના પરામર્શ દ્વારા કંપની તેમજ સેલિંગ શેરહોલ્ડરે પાત્રતા ધરાવતા કર્મચારીઓ ('એમ્પ્લોઈ ડિસ્કાઉન્ટ') અને રિટેલ રોકાણકારો ('રિટેલ ડિસ્કાઉન્ટ')ને ઈશ્યૂ પ્રાઈસ પર રૂ. ૧૫નું ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય કર્યો છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરાયેલા ઈક્વિટી શેરને બીએસઈ તથા એનએસઈ પર લિસ્ટ કરાવવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

### આઈનોકસ વિન્ડ લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ ૧૮ માર્ચ, ૨૦૧૫ના રોજ ખુલે છે

ગુજરાત ફલોરોકેમિકલ્સ લિમિટેડ દ્વારા પ્રમોટ કરાયેલી આઈનોકસ વિન્ડ લિ. (કંપની) ૧૮ માર્ચ ૨૦૧૫ને બુધવારના રોજ રૂ. ૭૦૦૦ મિલિયનનું પ્રતિનિધિત્વ કરતા ઈકિવટી શેરના ફ્રેશ ઈશ્યુ તથા ગુજરાત ફલોરોકેમિકલ્સ લિમિટેડ (સેલિંગ શેરહોલ્ડર) (ઓફર ફોર સેલ) દ્વારા ૧૦,૦૦૦,૦૦૦ ઈકિવટી શેરની ઓફર ફોર સેલ વડે બેનેલો ઈકિવટી શેર દીઠ (શેર પ્રીમિયમ સહિત) ભાવ મુજબ, રોકડમાં શેર દીઠ રૂ. ૧૦ની મૂળ કિંમતના ઈકિવટી શેરનો પબ્લિક ઈશ્યૂનો પ્રારંભ કરશે. ફ્રેશ ઈશ્યૂ તથા ઓફર ફોર સેલને સાગમટે ઈશ્યૂ તરીકે ઉલ્લેખ કરાય છે. આ ઈશ્યૂમાં સ્પર્ધાત્મક ધોરણે પાત્રતા ધરાવતા કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે અનામત રખાયેલા ૫,૦૦,૦૦૦ ઈકિવટી શેરનો સમાવેશ થાય છે. કર્મચારીઓ માટે અનામત રખાયેલા હિસ્સાને બાદ કરવામાં આવતા બાકીનો ઈશ્યૂનો અહીં 'નેટ ઈશ્યૂ' તરીકે ઉલ્લેખ કરાય છે.

ઈકિવટી શેર દીઠ રૂ. ૩૧૫થી રૂ. ૩૨૫ સુધીનો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ બીડ/ઈશ્યૂ ૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ બંધ થાય છે. બિડિંગ માટેનો લઘુત્તમ લોટ ૪૫ ઈકિવટી શેરનો છે અને ત્યારબાદ તે ૪૫ ઈકિવટી શેરના ગુણાંકમાં છે.

## ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોકી શકતા નથી. રાજયની જેલોની હાલત જોઈએ તો સૌથી વધુ મોબાઈલ ફોનનો ઉપયોગનો કેદીઓ કરી રહ્યા છે કે જેના ઉપર પ્રતિબંધ છે. અમદાવાની મધ્યસ્થ જેલમાંથી બે વર્ષમાં ૧૭ મોબાઈલ ફોન પકડાયા છે. જો કે મોબાઈલનો વપરાશ વડોદરાની જેલમાં વધુ છે. પાંચ વર્ષમાં આ જેલમાંથી ૧૮૦ જેટલા મોબાઈલ ફોન પકડાયા છે. ૨૧ જેલોની તપાસ બાદ એવું તારણ સામે આવ્યું છે કે જેલમાં મોબાઈલ, સીમકાર્ડ, તમાકુની બનાવટો, સીડી, પેઈનડ્રાઈવ, રૂપિયા, વિડીયો ગેઈમ્સ અને પત્તા જેવી ચીજવસ્તુઓ પકડાય છે...

**વાયબ્રન્ટ ગુજરાતમાં હજી અંધારૂં તો છે! ...**

આપણે વિકસિત ગુજરાતની વાત તો કરીએ છીએ પણ રાજયમાં એવા પરિવારો જોવા મળે છે કે જેમને હજી વીજળી નસીબ નથી. દિવાબત્તી માટે ફાનસ કે કેરોસીનનો સહારો લેતા પરિવારો આજે પણ મોજૂદ છે. ૯.૮૩ લાખ પરિવારો કેરોસીનથી ઘરની લાઈટ સળગાવે છે. ૧.૧૬ લાખ પરિવારોના ઘરમાં હજી પણ દિવા નથી. આખા રાજયમાં ૧.૨૧ કરોડ પરિવારો છે જે પૈકી ૧.૧૦ કરોડ પરિવારોને વીજળી પ્રાપ્ય છે. રાજયમાં ૧૬,૦૧૬ પરિવારો જ સૌરઉર્જાનો ઉપયોગ કરે છે. ૨૪,૬૧૦ પરિવારો કે જેઓ શહેરી વિસ્તારમાં રહે છે તેમને વીજળીનો કોઈ સ્ત્રોત મળી શક્યો નથી, આમ છતાં આપણે સમૃદ્ધ ગુજરાતની ગૂલબાંગો પોકારીએ છીએ...

**અમિત શાહ વિધાનસભાના દ્વારે ...**

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આમ તો દિલ્હીમાં રાજ કરે છે, પરંતુ તેમને જાણે કે ગુજરાત વિધાનસભાના દિવસો યાદ આવ્યા હોય તેમ તેઓ ૧૬મી માર્ચે ગુજરાત વિધાનસભાના મહેમાન બન્યા છે. અમિત શાહ કે જેમનું નામ ચીફ મિનિસ્ટર તરીકે પ્રથમક્રમે હતું પરંતુ પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ તેમને આ પદ કરતાં પણ વધુ ચડિયાતું પાર્ટી પ્રેસિડેન્ટનું પદ આપ્યું છે. તેમની પરવાનગી થી ગુજરાતમાં આનંદીબેન પટેલને રાજયનું સર્વોચ્ચપદ પ્રાપ્ત થયું છે તે આખી પાર્ટી જાણે છે. અમિત શાહ આમ તો ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલને પ્રસંગોચિત અમદાવાદ કે નવી દિલ્હીમાં મળતા જ હોય છે, પણ વિધાનસભામાં આવીને તેમનું આનંદીબેનને મળવું એક આશ્ચર્ય છે...

**સરકાર જ ખોટ કરાવે તો ક્યાં જવું ...**

ગુજરાત વન વિકાસ નિગમની પ્રવૃત્તિઓ વધતી જાય છે પરંતુ સરકાર તરફથી સહકાર મળતો ન હોવાનું નિગમે તેના છેલ્લા અહેવાલમાં લખ્યું છે. નિગમના નાણાકીય પરિણામોમાં દર્શાવાયું છે કે વન વિકાસ નિગમનું વેચાણ ૫૩.૩૪ કરોડથી ઘટીને ૨૫.૫૧ કરોડનું થયું છે જયારે નફો ૪.૨૬ કરોડની સામે માત્ર ૨.૮૫ કરોડ થયો છે. આ ઘટાડાનું કારણ આપતાં નિગમે જ જણાવ્યું છે કે પ્રાથમિક શિક્ષણ વિભાગ તરફથી સ્કૂલ બેન્ચીસ પૂરા પાડવાનો ઓર્ડર ન મળી શક્યો નથી જે નિગમના વેચાણમાં મુખ્ય યોગદાન આપે છે. જો કે નિગમના અન્ય વિભાગો જેવાં કે પાનમ વાવેતર, ધન્વંતરી એકમ તથા કોલસાની પ્રવૃત્તિના વેચાણમાં સુધારો થયો છે...

**૧૧,૩૫૬ પરિવારો અત્યંત નસીબદાર છે ...**

આયુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે સૌથી ઉત્તમ પાણી ઝાકળનું છે. બીજાક્રમે વહેતા ઝરણાંનું પાણી આવે છે, ત્યારબાદ નદી, કેનાલ અને કુવાના પાણીની વાત કરવામાં આવી છે. ગુજરાતના કેટલાક પરિવારો એવા ખુશનસીબ છે કે જેમને આજેપણ ઝરણાંનું પાણી પીવા મળે છે. રાજયમાં થયેલા એક સર્વે પ્રમાણે ૧૧,૩૫૬ લાખ પરિવારો આજેપણ ઝરણાંનું પાણી પીવે છે જે પૈકી ૯૭૯૫ પરિવારો ગામડામાં રહે છે અને ૧૫૬૧ પરિવારો શહેરોમાં વસે છે. ૫.૮૩ લાખ પરિવારો ખુલ્લા કુવામાંથી પીવાનું પાણી મેળવે છે. ૪૧,૬૮૫ પરિવારોને વહેતી નદીનું પાણી ઉપલબ્ધ છે...

**ભારત જ નહી, ગુજરાત પણ યુવાન છે ...**

ભારતની ૧૨૧ કરોડની વસતિમાં ૧૦ થી ૧૯ વર્ષની બાળકોની સંખ્યા ૨૫.૩૨ કરોડ અને ૧૫થી ૨૪ની વયજૂથમાં યુવાનોની સંખ્યા ૨૩.૧૯ કરોડની છે, જેની સામે ગુજરાતની ૬.૦૪ કરોડની વસતિમાં ૧૦થી ૧૯ વર્ષના બાળકોની સંખ્યા ૧.૨૦ કરોડ અને ૧૫થી ૨૪ની વય જૂથના યુવાનોની સંખ્યા ૧.૧૬ કરોડ છે. એક સર્વે પ્રમાણે આ બાળકો અને યુવાનોમાં ૯૦ ટકાને મોબાઈલનો ક્રેઝ છે. અમદાવાદમાં ૨૮ લાખ યુવાધન છે કે જેમની વય ૧૦ થી ૨૪ વર્ષની છે. ગુજરાતમાં ૨.૮૯ કરોડ મહિલાઓ છે જે પૈકી ૧૦ થી ૨૪ વર્ષની વયજૂથમાં ૧.૧૦ કરોડ મહિલાઓ આવે છે. આ યુવાધન દેશના વિકાસમાં શું ન કરી શકે!...

**કોંગ્રેસની એકતા કાયમી રહી શકશે! ...**

ગુજરાત કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખપદે ભરતસિંહ સોલંકીએ ચાર્જ સંભાળી લીધો છે. વિધાનસભા ચાલુ હોવાથી હમણાં જ તેમણે ગાંધીનગરના સરકીટ હાઉસમાં ધારાસભ્યો અને પ્રદેશના નેતાઓ સાથે લંચ લીધું હતું. આ સમયે કોંગ્રેસના અન્ય પ્રદેશ નેતાઓ શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ અને વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા એકમંચ ઉપર હતા. અત્યારે આ આગેવાનો વચ્ચે એકતા દેખાય છે પરંતુ જયારે કોઈ મોટી ચૂંટણી આવે છે ત્યારે આ બધાં નેતાઓ એક બીજાથી મુખ છુપાવતા ફરે છે. એક બીજાને દુશ્મન તરીકે જુએ છે. સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં મહાનગરો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે ત્યારે કોંગ્રેસમાં આવી એકતા જોઈને પાર્ટી કાર્યકરોને આવો સવાલ મૂંઝવી રહ્યો છે, કારણ કે ચૂંટણી સમયે જ નેતાઓ ઝઘડતા જોવા મળે છે...

**બહેનના સાથી બદલાયા કરે છે ...**

ગુજરાતના મહિલા ચીફ મિનિસ્ટરના અંગત કોણ છે?...આવો પ્રશ્ન સચિવાલયમાં પૂછવામાં આવે તો જવાબ મળે છે કે બહેનના કેબિનેટ સાથીદારો બદલાયા કરે છે. હાલ તો મહિલા મિનિસ્ટર જામનગરના વસુબેન ત્રિવેદી નજીક માનવામાં આવે છે. બીજી તરફ સચિવાલયમાં તેમની નજીકના સાથી તરીકે નાણાપ્રધાન સૌરભ પટેલને જોવામાં આવે છે પણ વિધાનસભામાં ચિત્ર જરા જુદું હોય છે. વિધાનસભામાં સરકારના બચાવપક્ષે આરોગ્ય પ્રધાન નિતીન પટેલ મેદાન મારી જાય છે. પાર્ટી સૂત્રો કહે છે કે વિજય રૂપાણી પણ બહેનની નજીક હોય તેવું લાગે છે પરંતુ તેઓ અમિત શાહની કરીબ પણ ગણાય છે. ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને સૌથી મોટો ડર પાર્ટી પ્રેસિડેન્ટનો છે. હવે એ ડર વિજય રૂપાણીને પણ લાગી રહ્યો છે.એક અનુમાન પ્રમાણે શંકર ચૌધરી પણ બહેનની નજીક આવવાનો પ્રયાસ કરી રહ્યા છે...

**ભ્રષ્ટાચાર ડામવાનો બેસ્ટ વિકલ્પ ...**

સચિવાલય અને સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર ડામવાનો બેસ્ટ વિકલ્પ શું હોઈ શકે છે તેવું એક સંશોધન કરવામાં આવ્યું તો સામે કેશુભાઈ પટેલની સરકારનું ચિત્ર ખડું થાય છે. પાંચ પ્રામાણિક વ્યક્તિઓએ સર્વે કર્યો અને તેનું પરિણામ એ આવ્યું કે ફરિયાદ પેટી જ બેસ્ટ વિકલ્પ છે. આજે પ્રત્યેક વિભાગોમાં અને સરકારી કચેરીઓમાં આરટીઆઈનું તંત્ર છે તેમ પ્રત્યેક વિભાગો તેમજ સરકારી કચેરીમાં ફરિયાદ પેટી રાખવામાં આવે તો ભ્રષ્ટાચારને કન્ટ્રોલમાં રાખી શકાય તેમ છે. તત્કાલિન હોમ મિનિસ્ટર સ્વ. હરેન પંડ્યાએ સૂચન અને ફરિયાદ પેટી તેમની કચેરીની બહાર રાખી હતી અને સાંજ પડ્યે તે ભરાઈ જતી હતી. આજે આ સિસ્ટમ સચિવાલયમાં જોવા મળતી નથી. એ સમયે મિનિસ્ટર જાતે જ ફરિયાદો વાંચતા હતા અને તેની ઉપર એકશન લેતા હતા. આવું તંત્ર ફરીથી સજીવન કરવામાં આવે તો ચોક્કસ આ બદી ઉપર નિયંત્રણ આવી શકે છે તેવું આ સર્વેનું તારણ છે...

**સરકાર પાસે નવી યોજનાઓ નથી ...**

ગુજરાત સરકાર પાસે નવી કોઈ યોજનાઓ નથી. હાલ જે યોજનાઓ છે તેમાં માત્ર અગાઉની જાહેરાતોના આધારે ફોલોઅપ થાય છે. તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ એટલા બધા નિર્ણયો એકસાથે લઈ લીધા છે કે હવે સરકારમાં નવું કરવાનું સાહસ રહ્યું નથી. હાલની એવી ૩૦૦ યોજનાઓ છે કે જેમાં ફોલોઅપ કરવામાં આવે તો પણ આવનારા ૧૦ વર્ષનું બજેટ ખર્ચાઈ શકે છે. આજે તો મોસાળમાં મા છે અને તે પિરસનાર છે. આશા રાખીએ કે કેન્દ્ર સરકાર સાથેના પડતર એવા ૧૧૧ પ્રશ્નોનો ૨૦૧૭ પહેલા નિકાલ આવી જાય!...